गुजराती आना सीरिज



बकुल

माला

चतुर्थ पुष्प

બકુલમાળાના પૃષ્ઠ ૩૮૪ ખરીદનારને ભેટનું પુસ્તક મફત મળશે.

“ ગુજરાતી સચિત્ર આના સીરીઝ. ”

બકુલમાળા.

“ બકુલમાળા ” ના કાયમ
ગ્રાહકોને માટે
પૃષ્ઠ ૩૮૪ નો રૂ. ૧)
પોસ્ટેજ સાથે
અગાઉથી
લેવામાં
આવશે.

તૈયાર કરી
છપાવી પ્રસિદ્ધ કર્તા,

હવે નાનાલાલ ડાહ્યાભાઇ.
મુ. આણંદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦

સને ૧૯૧૫

શ્રી જૈન વિદ્યાવિજય પ્રી પ્રેસમા
શા. ચુનીલાલ અમથાશાએ છાપી
રીચીરોડના પુલ નીચે—અમદાવાદ.

“ ચતુર્થ પુષ્પ. ”   કીં. એક આનો.

-પુષ્પકુંજ*-

—શાર્દૂલ—

શાન્તિ[illegible]ા રસપૂર્ણ કુસુમ અહો, સૌન્દર્ય પ્રેરી રહ્યા,
દૈવી [illegible] સુવાસ દીશ દશમા, પ્રીતે પ્રસારી રહ્યાં,
[illegible] પ્રચંડ ઘોષ કરતો, રંજાડવા પુષ્પને,
તોયે શી દૃઢ શાન્તિથી સ્મિત કરી, વાયુપદે એ નમે '

× × ૨ × ×

એ દૈવી કુસુમો તણા પરિમળે, ઘેલા બનેલા અતિ,
ભૃં ભૃં ભૃં ભણતા મધુર રવથી ભૃંગો ભમે પ્રીતથી,
સુણી ગાન મધુર એ મધુપના, આનંદ માંહી રમુ,
એ ગાને થઇ લીન એ કુસુમને, પ્રેમે સદા હું નમુ

× × ૩ × ×

ઘેલા ભૃંગ બની બની કુસુમને, અર્પી સુ ગીતાંજલી,
ભેટે છે રસ કામના ગૃહી ગૃહી, લીલા અહો ' એ ભલી '
ભેટે શારસ બાલ ભૃંગયુથને, પુષ્પો અહા પ્રેમથી '
જ્યાં સ્ફુરે શુભ સ્નેહની કૃતિ વડી, લીલા શું જાયે કથી '

× × ૪ × ×

" તારી **સ્નેહ સુધા** ભરી પ્રણયની, ખોલી જરા પાંખડી,
શાન્તિ દિવ્ય થકી ભલા સુમન ઓ ' દેજે ભરી આંખડી,
અર્પીને નિજ સત્વ શુભ પરના, દુ:ખો સદા કાપજે,
આજ્ઞા એ વિભુની અખિલ જગના, ઉરે સદા સ્થાપજે "

" કોકિલ. "

અમોને " વ્હાલા ફુલડાં " નામનું કાવ્ય મળ્યું હતું તેની કાર્ડ પ્રસાદીથી ઉપરનું કાવ્ય સુધારા વધારા સાથે પ્રગટ કરવામાં આવ્યું છે

—પ્રકાશક—

॥ ॐ श्रीँ ॥

સ્નેહિને આશ્વાસન.

કદીએ કરીશ ન વીર મુખ મ્લાન (૨)
નિરાશાના મહા જળમા જવ, જીવન નૌકા બુડી,
તે સમયે તુ આશાદેવી તુજ, ઉર જોજે ઉભી કદી ૧
તુજ ઇપ્સિત મેળવવાના જે, માર્ગો તુજને દીસે,
વિઘ્ન કંટકો લહેતાં તે સ્થળ, ધરજે ધૈર્ય અતિસે કદી ૨
તાતી તૈલ કઢા વિષે પણ, [1]શૈત્યને જેણે જોયુ;
તે સુધન્વાની મૂર્તીમા રાખજે, તુજ ચિત્ત પ્રોયુ કદી ૩
સર્વ પ્રકારના ભયના કરતા, મૃત્યુ ભય છે મ્હોટો,
તેને જીતનારા પ્રહલાદના જેવો, બનતુ જોટો કદી ૪
વ્યહવારીક ઉન્નતિ તુજને, ના મળે કદી મ્હો માગી,
તોપણ તુજ અત્યુત્તમ લક્ષ્યને, લેશ ન જઈશ તુ ત્યાગી કદી ૫
આ લોકના સૌ સુખ મળે કે, (કદી એ) મળે ઇદ્રની ગાદી,
મુખ મલાકાવતાં તેમા મ્હો ઈશના, નથી તેની [2]આબાદી કદી ૬
“સાન સમજનારા [3]ધીમાન ને, જ્ઞાન અતિ શું દેવુ”
સર્વ સ્થિતિમાં સર્વ સમયમા, **નરહરી** શરણે રહેવુ કદી ૭

(ટોગો.)

---

૧ શૈત્ય=શીતળતા. ૨ આબાદી=સ્થાઇપણુ ૩ ધીમાન=બુદ્ધિમાન.

છોટીસી બતીયાં.

પવિત્ર શિરોમણી આર્યાવર્તના વામભાગમા વસતા, સુવિચારવત પુરૂષોદ્વારા જેને હર્ષપુરની સુદર સજ્ઞા અર્પાયલી છે તેવા, એક સુદર અને બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય, તથા શુદ્રાદિ ચાતુર્વર્ણોનો જેના આતરભાગમા નિવાસ છે તેવા, એક મનોહર ગ્રામના મધ્યમા, તેના ભવ્ય અને વિશાળ બજારની અદર, બે ચાર મનુષ્યો પોતાના એક સ્નેહી કે જેનુ નામ નરોત્તમભાઇ હતુ તેમની દુકાન ઉપર બેઠા બેઠા આનદવાર્તા કરતા, કાળ વ્યતિત કરતા હતા, નરોત્તમભાઈ જાતિએ પાટીદાર ગૃહસ્થ હતા, અને સ્વભાવથીજ તેઓ ઉદાર, સુશીલ, અને સ્નેહને અગે પ્રાણ આપવા પડે તોપણ પાછા ન હઠે તેવા, સુદ્દઢ મનના, અને શ્રદ્ધાવાન હતા, તેમને પોતાના મિત્રો ઉપર અપૂર્વ પ્રેમ હતો તે સ્વભાવે કઇક મસ્કરા પણ હતા, પરતુ પ્રસગ, અને મનુષ્યને જોઇનેજ તે મસ્કરી કરતા કે જેથી તેમની મસ્કરીથી કોઈ દિવસ કોઇને માઠુ લાગવાનો ભાગ્યેજ પ્રસગ આવતો તેઓ સર્વ ત્યા બેઠેલા હતા તે સમયમા એક સાદુ તથા સ્વચ્છ મલમલનુ પહેરણ 'પહેરેલો, હસ્તમા એક જાડી લાકડી તથા છત્રીને ગૃહણ કરીને આવતો, શરીરે અતિશય ઠીંગણો પણ નહિ, તેમજ અતિશય ઉચો પણ નહિ, તેવા, મધ્યમ સ્થિતિનો, લગભગ પાત્રીશ આડત્રીશ વર્ષની ઉમ્મરનો એક મનુષ્ય ત્યા થઇને પસાર થતો તેઓ સર્વના નિહાળવામાં

આવ્યો તેને નિહાળતા સર્વ તો મૌન ધારણ કરીને બેસી ગયા, પરંતુ નરોત્તમભાઈ કે જેમને મશ્કરી કરવાની નાનપણથીજ ટેવ હતી તે પોતાના સ્વભાવાનુસાર પેલા આવનાર મનુષ્યને ઉદ્દેશીને મોટેથી વધ્યા કે "**નહિ ઘોડા નહિ ટટ્ટુ**" તેમની આ પ્રકારની વાણીને શ્રવણ કરીને જેનું ધ્યાન માત્ર ચાલવાની ધનમાજ પ્રોવાયલુ હતુ, એવા પેલા આવનાર મનુષ્યે તેઓના સામી દૃષ્ટિ કરી. આ સમય નરોત્તમભાઈ કે જે બહુજ વિચિક્ષણ બુદ્ધિ વિભવ સંપન્ન હતા તેમણે પેલા આવનાર મનુષ્યને પોતાના વચનોથી માઠુ તો કદાચ નહિ લાગ્યુ હોય એમ અનુમાન કરી પોતાના પ્રતિ તે દૃષ્ટિ સ્થાપે તે પૂર્વેજ ખડખડાટ હસવા માંડયુ પેલો મનુષ્ય કે જેની આમ મશ્કરી આ નરોત્તમભાઈ કરે છે છતા જેને લેશ પણ ક્રોધ ઉદ્ભવ્યો નથી, તેવો ધીમેધીમે તે દુકાન પ્રતિજ આવવા માંડયો, અને હસતા હસતા કહ્યુ 'કેમ ભાઈ' શુ કહો છો ? તેને આ પ્રકારે ક્રોધ ચઢેલો નથી એમ જાણી તેને ક્રોધ ચઢાવવાના મીષથી નરોત્તમભાઈએ પુન તેને ઉદ્દેશીને કહ્યુ કેમ, મીસ્ટર '**ટમલર સાહેબ !** કયા ગબડી આવ્યા ' મીસ્ટર ટમલર સાહેબ ' દેખો ' તુમતો બડે અચ્છે આદમી હો ઓર કભી ક્રોધયુક્ત હોતાભી નહિ હો, ક્રોધયુક્ત હોનેમે પાપ સમજતે હો ઇસી સબબસે મે આપકુ પ્રથમસે વિદિત કર દેતા હુ કે, ભાઇ ' હમેરી મસ્કરીમેં કભી ક્રોધયુક્ત હોના ભી નહિ, પેલા આવનાર મનુષ્યે હસતા હસતા કહ્યુ, ભાઈ મને બાળપણથીજ "**ક્રોધી મનુષ્ય અને ચાંડાલ** બન્ને સરખા છે" એ પ્રકારનો બોધ પ્રાપ્ત થયેલો છે, જેથી ક્રોધ તો હુ કરતોજ નથી અને કરવા ઇચ્છા પણ ગણતો નથી અને આપની, અર્થાત્ સ્નેહીની મશ્કરી તો શુ, પરંતુ

“ **સ્નેહીની ગાળો એતો ઘીની નાળો** ” એમજ છુ તો સમજી નરોત્તમભાઇ બોલ્યા, એ ઘીની નાળો પી પીનેજ શરીર લહીગા જેતુ કયુ જણાય છે ! બાકી સુકાઇને કોકડુ ના વળી ગયા હોત કેમ, **ટમલર સાહેબ !** ખોટુ કહુ છુ ? પેલા આવનાર મનુષ્યે નમ્રતાથી ઉત્તર આપ્યો, તમે આમ મશ્કરી શુ કરવા કરો છો ? તમારો સ્વભાવજ મશ્કરો રહ્યો ! પરંતુ તમને કયા ખબર છે કે “ **હાડીઆને મન હસવું અને દેડકાનો જીવ જાય** ” નરોત્તમભાઇ બોલ્યા મીસ્ટર, ટમલર સાહેબ ! કીયા સાળા દેડકાનો જીવ જવાનો છે ? અને જતો હોય તો જવા દ્યો, આપણે શુ ? બાકી તમે અને તમારા બાપ બન્ને જણ જીવતા રહ્યા એટલે ગગા નાહ્યા ' બીજા બધા છોને જતા સાતમા પાતાળમા કે ઉપરના આસ્માનમા ' ! આપણે શુ ! કેમ, મીસ્ટર, ટમલર સાહેબ ! તમે પણ એ મતનાજ હીમાયતી છો કે બીજા મતના ? પોતાની આ પ્રકારે મશ્કરી થતા તથા આ પ્રકારે વાતચીતમા પોતાને ઉડાવતા જાણીને વાર્ત્તા ફેરવવાના મીષથી તે આવનાર મનુષ્યે કહેવા માડયુ ભાઇ ' તમે મારૂ નામ જાણો છો છતા ગામ ઃશા માટે ટમલર સાહેબ, ટમલર સાહેબ, કહો છો ? આ શુ તમને શોભે છે ' નરોત્તમભાઇએ કહ્યુ તમને ટમલર સાહેબ, ટમલર સાહેબ, ના કહીએ તો કહીએ શુ ? રોજ ઉઠીને સવાર પણ ન થઇ હોય તે પહેલાના તમે અહીથી તહી અને તહીથી અહી લખોટાની પેઠે શુ જખ મારવા ગબડો છો ? લ્યો, ત્યારે, તમને **લખોટા** સાહેબની સજ્ઞાથી બોલાવીએ ? પરતુ એ શબ્દનો ધ્વનિ તમને તથા સર્વને ઠીક નહિ લાગતો હોય એમ અનુમાન કરી મે તો તમને ટમલર સાહેબ, કહેવાનુ પસંદ કર્યુ છે, મીસ્ટર ટમ-

લર સાહેબ ! તો તમને કયુ નામ પસંદ છે ? લખોટા સાહેબનુ ? કે ટમલર સાહેબનુ ? મીસ્ટર ટમલર સાહેબ ! ગબડવામા કુશળ એવા તમને કદાચ **ગડબડાધ્યક્ષનું** સુદર નામ દીધુ હોય તોપણ શુ ? પરતુ એવુ ખીચડીયુ નામ મને પસદ નથી તો ! આપણે તો ટમલર સાહેબજ કહેવાના મીસ્ટર ટમલર સાહેબ ! તમે ગબડવાનુ જ્યારે બધ કરવાના ત્યારે અમે તમને ટમલર સાહેબ કહીને બોલાવવાનુ બધ કરવાના બાકી, એનો નક્કી માનજો કે મારો બાપ, તેનો બાપ અને તેનોય બાપ મને આવીને વારે, તોપણ આપણે તો ભળવાનાજ નહિ મીસ્ટર ટમલર સાહેબ ! આપકી કરણી કે અનુસાર નામજ હમતો પસદ કરતે હે આ પ્રકારે વધુ મશ્કરી કરવાથી વખતે વિપરીત પરિણામ ન પ્રકટે, માટે વળી વાત ફેરવવાના મીષથી નરોત્તમભાઇએ કહ્યુ કહો, ત્યારે, મીસ્ટર ટમલર સાહેબ ! આપ કહા સે આતે હો ' "કોઇ નૂતન સમાચાર આપકી વૃત્તિમે વિદ્યમાન હો તો હમકુ ભી વિદિત કરના, આપકી વાર્તાકી અદર ભી કુછ અદ્ભુત રસ ઝલક ઝલક કરતા હે પેલા મનુએ કહ્યુ, નવા જુની તે શુ જણાવુ ? મારૂ પોતાનુજ" જ્યાં પેટ બળતુ હોય ત્યા બીજા શા સમાચાર કહેવાના છે ? નરોત્તમભાઇએ પોતાની દુકાન ઉપર બેઠેલા પોતાના મિત્રો "માહેના એક જણને ઉદ્દેશીને કહ્યું," અલ્યા ! પેટ બળતુ હોય તો લાવ મારો પેલો હોકો ' અને છાટ એમના પેટપર હોકાનુ પાણી ! એટલે ઠડુગાર થઇ જશે ' ! બધાજ ખડખડાટ હસી પડ્યા, પેલા મનુએ કહ્યુ, તમે "બધા મારી મશ્કરી કરો છો પરતુ મારે માથે દુખનો ડુગર ગાજે છે, તેની તમને ક્યાં ખબર છે ? જો દુઃખનું તલાવડુ હોય તો તે તરી પણ જવાય, પરતુ દુખના મહાસાગરમા

પડેલા મને તો કેવી રીતે તરવુ તે પણ સુઝતુ નથી મને હુ કુબેલાને ડુબેલોજ નિરંતર દેખુ છુ" નરોત્તમભાઈએ કહ્યું, મીસ્ટર ટમલર સાહેબ ! **બુડતો માણસ તણખાને પકડે** એવુ મે સાંભળ્યુ છે તો તમે કોઈ તણખલુ પકડયુ છે કે નહિ ! ના પકડયુ હોય તો પકડજો ! નહિ તો બુડશો ! પેલા મનુએ કહ્યુ, તમને મશ્કરી કરવાની ટેવ બહુજ છે 'હવે જરા સાભળો, મારા દુ ખની કથા પણ શ્રવણ કરવા જેવી છે તમે રામાયણની, મહાભારતની કે યોગવશિષ્ઠની કથાઓ શ્રવણ કરી હશે, પરંતુ મારા દુ ખનુ પુરાણ પણ શ્રવણ કરવા સહજ શ્રમ લેવા કૃપા કરો તો ઠીક, ભાઈ મારે તો બન્ને બાજુએ દુ ખ છે ગૃહે જાઉ છુ તો ત્યા પિતા અંધ છે, તે અહીંતહીં મોકલે છે ત્યા જઈને આવુ છુ તો વળી ફરી મોકલે છે, એમ રખડપટ્ટી કરાવીને સાળો અપુસ કાઢી નાંખે છે સાળુ "**સત્કર્મીના બોલ અને અકર્મીના ટાંટીયા**' ફરી ફરીને લોથ થઈ જઈએ છીએ પણ એ આંધળો મરતો નથી કે જેથી આનદ થાય અને નિરાંત વળે, હુ તમને શુ કહુ ' હુ તો આંધળોભીત થઈ ગયો છુ કશુ સૂઝતુ નથી કે શુ કરવુ ' નરોત્તમભાઈએ કહ્યુ, ટમલર સાહેબ ' તમને કશુ સુઝતુ નથી' અને તમારા પિતા અંધ છે, એટલે તમારા બન્ને આંધળાઓની (આખ્યાયિકાઓને,) કથાઓને, અને ' તમારા અંધપુરાણને શ્રવણ કરવાની મારી તો વૃત્તિજ નથી કઈક બોધપ્રદ પ્રસગ જો જાણમા હોય તો કહો કે જેથી અત્રસ્થ સર્વ પ્રસન્ન થાય, અને આપને થેન્કસ આપે પાસે બેસનારામાના એક જણે નરોત્તમભાઈને પૂછયુ, નરોત્તમભાઈ ! 'તમે નહિ ઘોડા નહિ ટટ્ટુ' એવુ જે વદ્યા હતા તે તો એમના શરીરના કદને ધ્યાનમા લઈનેજ વદ્યા

હશો કે કાંઇ અન્ય ગુપ્ત હેતુ છે ? નરોત્તમભાઇએ કહ્યુ, ના કોઇ અન્ય ગુપ્ત હેતુ તો નથીજ, માત્ર એમના શરીરની આકૃતિને અનુસારજ બોલવુ થયુ હતુ એમના શરીરનુ કદ જ, ' નહિ ઘોડા નહિ ટટ્ટુ જેવુ છે ' કેમ, મીસ્ટર ટમલર સાહેબ ! વાત સાચી છે કે ખોટી ? નરોત્તમભાઇએ આગળ બોલવા માડ્યુ. તેમણે કહ્યું. હવે મશ્કરી જવા દો, રગના તો ચટકા હોય, કઇ કુડા ના હોય ! હવે તો કોઇ બોધપ્રદ વાર્તા કે કઇક નવા જૂની શ્રવણ કરાવો " એ વળી જબરા બાતમીદાર અને બડા નટખટીયા સ્વભાવના છે માટે કોઇ એવી ઉત્તમ વાત કહ તો તે શ્રવણ કરો એ જે બાત કહેશે તેમા આનદ તથા બોધ આવ્યા વિના ભાગ્યેજ રહેશે પેલા આવનાર માણસે કહ્યુ, હમણા તમારો અતિશય આગ્રહ છે તો એક નાની સરખી વાર્તા તમને કહુ છુ તેમાથી સારને ગ્રહણ કરી પ્રસન્ન થશો, એટલે હુ મારો શ્રમ સાર્થક થયો માનીશ. તથા મારા અત્યાર સુધી અહી ઉભા રહેવાના શ્રમનુ સાફલ્ય સમજીશ.

*

મહેરબાનો સાંભળો, એવુ કહેવાય છે કે, રાજા **ફ્રેડરિક ધી ગ્રેટ** કે જેને પોતાની પ્રજાપ્રતિ અસાધારણ પ્રિતી હતી. અને જેના હૃદય નભમાથી પ્રજાપ્રેમનો સૂર્ય કદી અસ્ત પામ્યોજ નથી, તે રાજા એક સમયે ફરતા ફરતા એક નાના ગામડા આગળ આવી પહોચ્યા, ત્યા એક ગરીબ ખેડુતને પોતાના ખેતરમા અત્યત આનદપૂર્વક કામ કરતો જોઇ તેને પુછવા લાગ્યા "કે ભાઇ ! તને કોઇપણ પ્રકારનુ દુ ખ છે ? તેના ઉત્તરમા પેલા ખેડુતે તેમના ઉત્તમ વસ્ત્રો તથા શરીરની કાન્તી ' નિહાળી કોઇ અમલદાર જાણી, નમ્રતાપૂર્વક જવાબ આપ્યો "ના સાહેબ,

બાપજી મારે કંઇપણ દુ ખ નથી, હુ પૂર્ણ સુખી તથા આનદમા મારા દિવસો નિર્ગમન કરૂ છુ, મને અહી એક રાજા કરતા પણ વધારે સુખ છે" એથી રાજા ફરેથી પૂન હસતા હસતા પૃછ્યુ અલ્યા ! આ પ્રમાણે ખેતી કરવાથી તારૂ ભરણપોષણ સુખરૂપે શી રીતે થઈ રહે છે ? ખેડુતે કહ્યુ બાપજી ! આતો મારે વધારે છે મને દરરોજના "મારી મહેનતના બદલાના વીસ શીલીગ પરમેશ્વર આપે છે અને તે મારે માટે પૂરતાજ છે રાજાએ કહ્યુ. એટલામા તે તારૂ શુ પૂરૂ થાય ? ખેડુતે કહ્યુ અરે એનાતો મેં ચાર ભાગ પાડી દીધા છે, કે જેમાથી પાચ શીલીગમાં હુ તથા મારી સ્ત્રી ગુજરાન કરીએ છીએ બીજા પાચ શીલીગમાથી મારા વૃદ્ધ માતપિતાની સેવા ઉઠાવુ છુ ત્રીજા પાચ શીલીગ મારા બાળકોને કેળવણી તથા ખોરાક વીગેરેમા વાપરૂ છુ, અને એ ઉપરાત ચોથા ભાગના પાચ શીલીગ કે જે હુ લુલા, લગડા, નીરાધ, ભૂખે મરતા ગરીબોના ફડમા આપુ છુ" (અનાથ આશ્રમમાં) રાજા આ શ્રવણ કરી તેના ઉપર પરમ પ્રસન્ન થઇ ગયો, અને તેને પચાસ પૌડ (સ્વર્ણ મહોરો) આપી અને કહ્યુ કે મને તારા આ પ્રકારના સદ્વર્તનથી અત્યત આનદ પ્રાપ્ત થાય છે તુ મને ઓળખતો નથી પણ હુ એક નૃપતિ છુ આ શ્રવણ કરતાજ ખેડુત તો બીચારો સ્તબ્ધજ બની ગયો, અને તેમનો ઉપકાર નીવેદન કરવાના પૂર્ણ શબ્દો પણ તેની વાણીસ્થાનમા મળી આવ્યા નહિ એથી તે નીચુ જોઇ દયામણે ચહેરે માત્ર તે પોતાની નમ્રતા દર્શાવતો ઉભોજ રહ્યો ! રાજા પણ પોતાની ગરીબ પ્રજાની પણ અત્યત સ્નેહભરી દયાળુ વૃતિઓ જોઇ તેને ખુશી કરી પોતે ખુશ થતો ચાલ્યો ગયો

અન્યને ક્ષુધાના દુઃખથી ટળવળતા નીહાળનાર, અને પોતે મીષ્ટાનપાણી આડે હાથે ઝાપટી પેટ ઉપર હાથ ફેરવનાર હિન્દુસ્થાનના ધનીક ગૃહસ્થો ? આ એક ગરીબ ખેડુતનું દૃષ્ટાંત, શું તમોને તમારા કર્તવ્યની દીશાનું સુ-ચન નથી કરાવતું ?

"અને મહેરબાન તમારા જેવા સુખી જીવોને પણ શુ મારા જેવા ગરીબ ઉપર દયા લાવવાને શુ નથી સુચવતુ ? બસ મહેરબાન હવે તો રજા આપશો ?"

"ટમરલ સાહેબ તમોને રજાજ છે, કયે સાલે પકડી રાખ્યા છે પણ સાહેબ આ તમારી ટુકી વાતમાં કઈ મઝા ન પડી હાં !!"

"મહેરબાન ! મારી વાત તો હમેશા ટુકીજ આવવાની" એટલામા એક સમજુ પુરૂષ બોલી ઉઠયો.

"હા, હા સાહેબ ટુકી વાતજ થવા દો, અને તે પણ આવી સારમય અને સર્વને લાગુ પડતી હોય એવીજ"

"પણ મહેરબાન મારે ઘેર ડોસો બુમ મારશે તેની કંઈ છે તમારે" "તમે તો વાતની પછાડીજ મચ્યા રહ્યા છો લ્યો સાંભળો એક બીજુ દષ્ટાત કે જે સર્વને લાગુજ પડતુ છે"

"હા, હા ટમરલ સાહેબ તમારૂ તો સર્વનેજ લાગુ પડતું હોય છે" થવા દો.

"ભલે મહેરબાન મશ્કરીમા ઉરાડો, પણ હુ તો ખરૂંજ કહુ છુ. પછી ભલેને કોઈ વ્યક્તિ પોતાના ઉપર માની લે, અને મારા ઉપર દ્વેષ રાખે પણ મારે તેનુ કંઈજ નથી હુ તો સર્વને સાર દર્શાવુ છુ" સાભળો.

" ફાંસ કાઢનારને ફાંસીની સજા ? "

જમાનો બદલાયલો છે એથી સર્વ બદલાયલુજ સમજવુ.

ભાઈ ! સાંભળો–" આપણા શરીરમા ભરાએલી ફાસને, અથવા આપણને વાગેલા કોઈ કાટાને, કાઢી આપનારને થોડુ દુખ સહન કરવા છતા, પણ જેવી રીતે એક પૈસો આપણે પ્રસન્ન થઈને આપીએ છીએ, તેવી રીતે આપણા અતરમા રહેલા કોઈ દુર્ગુણને અથવા દોષને જો કોઈ પણ મનુષ્ય આપણને જણાવે તો અન્ય કાઈજ નહિ તો અત તેને ધન્યવાદ પણ આપવો એ આપણુ કર્તવ્ય છે " એક સમય એક વિદ્વાનને એક ધનવાન મનુષ્યનો મેળાપ થયો પેલા ધનવાને પુછ્યુ –કેમ ભાઈ ! આનદમા તો છો ને ? વિદ્વાને કહ્યુ, હા, હુ પૂર્ણ આનદમા છુ કારણ હુ પૂર્ણ સુખી છુ પેલા ધનિકે કહ્યુ, ભાઈ ! મારે પુત્રો છે, દ્રવ્ય છે, સ્ત્રી છે, નોકર છે, ગાડીઘોડા છે, વાડી વજીફા છે, બગલા છે, સર્વ છે પણ હુ મને પૂર્ણ આનદમા કે પૂર્ણ સુખમા જોઈ શકતો નથી, ભાઈ ! તમે શુ કરવાથી આનદમા રહી શકો છો ? શુ તમને કોઈ ચિતાનો, શોકનો કે કલેશનો પ્રસગજ આવતો નથી ! અને જો આવે છે, તો તમે તે સમયે કેવી રીતે આનદને મેળવી શકો છો ? પેલા વિદ્વાને કહ્યુ –જ્યારે જ્યારે મારા ઉપર ચિતા કે ઉદ્વેગના પ્રસગો આવે છે, ત્યારે ત્યારે, હુ ઈશ્વરના અશરૂપ અને નિર્દોષતાની મૂર્તિરૂપ, બાલકોના સહવાસમા રહેવુ પસદ કરુ છુ હુ મારા પૂર્ણ હૃદયથી તેમની સાથે ભળી જાઉ છુ, તેમને પસદ પડે તેવી રમતોમા હુ તેમની સાથે ભાગ લઉ છુ, અને આ રીતે હુ મારી ચિતા કે દુખના પ્રસગોનુ વિસ્મરણ કરી શકુ છુ પેલા ધનિકે કહ્યુ, ભાઈ ! એતો તમને ફાવે, અમારા જેવા ગૃહસ્થોને

તો તે ફાવે નહિ, નાના છોકરા સાથે રમવુ, બોલવુ કે હાહા હીહી કરવી એતો અજ્ઞાનતાનુ કામ છે પેલા વિદ્વાને હસતાં હસતાં કહ્યુ ભાઇ ' તો જ્યા સુધી તમે બીજાઓને હલકા ગણશો, અને તેમની સાથે પૂર્ણપણે હળીમળી નહિ શકો ત્યા સુધી તમારી સુખને માટે કે આનન્દને માટે યોગ્યતાજ થઇ નથી જ્યારે તમે અવરને હલકા અને પોતાને મોટા માનવાના વિચારનુ વિસ્મરણ કરશો, ત્યારેજ તમે સુખને માટે અધિકારી થશો પેલા ધનિકને આથી પોતાની ભૂલ સમજાઇ', અને તેણે તે માટે પેલા વિદ્વાનને કેટલુક દ્રવ્ય આપી ખુશી કર્યો પ્રિય ભાઇ ' આ પ્રમાણે તમારા દોષો જણાવનારને તમારા જીવનમા તમે કોઇવાર ખુશી કર્યા છે ? કે તેના બદલામા તેને નાખુશ કરી કઇ સજા કરમાવી છે '

'જમાનો બદલાયલો છે એવી સર્વ ઉપકારના બદલામા અપકાર કરવાજ તૈયાર થાય છે માટે મહેરબાનો મારા ઉપર પણ કઇ દ્વેષ રાખશો નહી કારણ હુ પણ એક દોષનુ દર્શન કરાવનારજ છુ લ્યો હવે તો રામ ' રામ ' વળી આવતીકાલે જોઇ લઇશુ.

''' ઠીક છે મી ટમલર સાહેબ હરહમેશ એકવાર પણ હમારા તરફ આગમન કરતા રહેવુ, અને કઇ કઇ જણાવતા રહેવુ, અમે તો તમારા બાળકો છીએ માટે બોલ્યુ ચાલ્યુ માફ કરશો અને આવતા રહેજો

વાહ ' વાહ સાહેબ—સલામ સલામ ભાઈ સલામ .

(લે—ટોગો)

"રસીકચંદ્ર"

એક સંસારી બોધદાયક નવલકથા.

(લેખક:—દવે ચિત્રકાર. આણંદ.)

(અનુસધાન તૃતિય પુષ્પ-પૃ ૨૦ થી,)

"નાની!! જા સુગુણબ્હેનને સાસરે આજે જમવાનુ ન્હોતરૂ કરી આવ"

સવારનાપોરમા સુગુણની માતાએ નાનીને રસીકચદ્રને જમવા નોતરવા જવાને કહ્યુ! એથી તુરતજ નાની સુદર ઓઢણી ઓઢી હર્ષભેર ચાલતી થઇ નાનીનો વીવાહ થયેલો હોવાથી આજે નવા જમાઇને જમવા નોતરવાના હતા એથી રસીકચદ્રને પણ નોતરવા તેને (સુગુણના આગ્રહથી) તેની માતાએ મોકલી હતી. સુગુણની માતા મણીગૌરી પ્રથમથી જાણતી હતી કે દુષ્ટ પીતાના સામે પુત્રનુ કઇ પણ ચાલનારજ નથી, પણ પુત્રીની ઇચ્છાને લીધે મણીગૌરીને તે મ કરવા ફરજ પડી હતી. આ વાતની સુગુણને તો ખાત્રીજ હતી કે આજે નકી પ્રિયતમ આવશે, અને બોલેલા બોલ નીભાવશે મારા કોડ પુરા કરશે, કોડ પુરા કરતા સ્નેહના બીજ રોપતા, માતપીતાના દીલ દુભાશે, તો તેની હવે લેશમાત્ર પણ દાઝ રાખ્યા શીવાય નીશકપણે કામ પૂર્ણ કરશે, આનદમા આનદની વૃદ્ધિ

થશે, આ પ્રમાણે સુભાગી સુગુણ આજે અત્યંત આનંદમાં હર્ષઘેલી બની, રસોઇની સામગ્રી તૈયાર કરતી, માતાને મદદ આપતી કામમા રોકાયલી હતી

નટવરરાય મહેતા અત્યારે સ્નાનાદીક ક્રીયાથી પરવારી હિંડોળા ઉપર બેઠા બેઠા ગીતાપાઠ કરતા હતા, રસીક મેડા ઉપર બેઠો વાચતો હતો, તેની માતા રસોઈના કાર્યમા ગુથાયલી હતી. એવે નાની નોતરૂ દેવા અર્થે ત્યા આવી ઘેરથી બીચારી બાળીકા ઉરુ ગભર આવી હતી, પણ મહેતાના ઘરના દરવાજા નજીક આવતાજ તેઓને સામા બેઠેલા જોઇ બીચારી દરવાજા બહારજ ઉભી રહી, શુ કરે કદી પણ આ જગ્યાએ આવેલી નહી બ્હેનનુ સાસરૂ જોયેલુ નહી તેમજ બ્હેનના સસરાજીના પ્રતાપની અખડ કીર્તિ શ્રવણ કરેલી જેથી ગભરાઇને બ્હીકથી બહારજ ઉભી થઇ રહી, અંદર આવવાની તેની લેશમાત્ર પણ હિંમત ચાલી નહી, નાની અત્યારે સામો કાળ બેઠેલોજ નીહાળતી હોય તેમ બ્હીતી, અને ચુપકીથી છુપી રીતે લપાતી ચપાતી તેને નીહાળી ઘણીજ ગભરાતી હતી ધીરે ધીરે દરવાજાના ઉમરા ઉપર ચડવા જાય છે તેવાજ મહેતાજી કોઇ અન્ય છોકરી ઉભેલી હશે એમ ધારી બુમ મારી બોલ્યા. “અરે એ કોણ ઉભુ છે?”

મહેતાજીની બુમ સાભળતાજ નાની તો બીચારી જીવ લઇને નાઠી કે નઠી કાળે મને ખાધી, એટલામા રસીકની દષ્ટી બારીમાથી ગભરાયલી, નાસતી નાનીની પુઠ તરફ પડી કે તુરતજ મેડા ઉપરથી રસીક નીચે ઉતરી આવ્યો, નાનીને બુમ મારી બોલાવી, પણ તે ફળીયા બહાર નાસી ગયેલી હોવાથી કંઇ તેણે સાભળી નહી, એથી રસીક તુરત પાછળ દોડતો બુમ મારતો ફળીયા બહાર

જઇ નાનીને બોલાવી લાવ્યો. રસીકચંદ્ર સાથે હોવાથી હવે નાનીની હીમત ઘર તરફ આવવાની થઇ, ધીરે ધીરે રસીકની આગળી પકડી તેની સાથે ઘરમાં આવી મહેતાની સામે એક બારણું પકડી ઉભી રહી, પણ તેનાથી તેમના સામે એક શબ્દ પણ બોલી શકાયું નહી, એટલે રસીકે પુછયુ !

"કેમ નાની શુ કામ આવી હતી ?" ધીરજથી નાની બ્હીતી બ્હીતી ગળગળત કરે બોલવા લાગી—

"આજે... મારો વીવાહ થયો છે... એથી મારી બાએ... તમોને જમવા નોતર્યા છે. તે નોતરૂ કરવા આવી હતી !!"

એટલે તુરતજ મહેતા બોલી ઉઠયા—"નાની તારી માને કહેજે કે આટલા દીવસામા મારા પુત્ર એક પણ દીવસ તારે ત્યાં અડો થયો નથી તો હવે આવા જુજ સમયે તમો તેને તેડી શા માટે ભાર ઉઠાવો છો ?"

"મહેતાજી એમા ભાર શો ઉઠાવવાનો છે ! મારી બેનના વર છે તે શુ મારે ત્યા જમવા ન આવે ?" કાલા કાલા શબ્દોથી દયામણે ચહેરે નાનીએ જવાબ આપ્યો, પીતાશ્રીના હઠીલાપણાથી રસીક ચીડાઇ અત્યારેજ તેમનાથી વિરૂદ્ધ વર્તન કરવાને તૈયાર થઇ ગયો, અને સ્વતંત્રપણે જવાબ આપવા લાગ્યો

"જા ! નાની હુ ભારરૂપ કોઇને નથી, ફક્ત ભૂમી શિવાય મારો ભાર કોઇને હુ દેતોજ નથી ભૂમીજ મારો ભાર ઝીલી શકે તેમ છે, તેમ બીજાને ઝીલવાને તે શક્તિ પણ નથી જા, નાની હુ ખુશીથી જમવા આવીશ !!

"રસીક આ કામમા તારે વચમા વાત કરવાની જરૂર નથી. હુ કહુ છુ તે પ્રમાણે તેને તેની માતાને કહેવા દે વચમા તારૂ ડહાપણ ન કર !"

" એટલે ' પિતાશ્રી મારી વાતમાં હું ન બોલુ, અને તમોજ તેનો ખુલાસો તમારે મનગમતો કરી દ્યો, એ કયાનો ન્યાય, ન્યાયાસને જો ગુન્હેગારોના મ્હોડાં બંધ કરવામાં આવે, તો ન્યાય મળેજ નહી, અને ખરા ગુન્હેગારો સમજાયજ નહિ ન્યાય બન્ને પક્ષકારો ઉપરજ આધાર રાખે છે, આપતો એક મારા તટસ્થ વકીલ છો, મારૂ સત્ય સ્વરૂપ જાણ્યા શીવાય મારી વકીલાત વકીલ શુ કરી શકશે. માટે મનેજ જવાબ આપવા દ્યો, અત્યારે તમારે બોલવાની કઇજ જરૂર નથી "

" રસીક આ શુ બકે છે ' '"

" હુ અક્ષર સત્ય કહુ છુ, આજદીન સુધી મારી વકીલાત આપે કરી છે છતા તેનાથી મને લેશમાત્ર પણ ન્યાય મળ્યો નથી, માટે હવે મારે તમારી કઇ જરૂર નથી, હુજ મારી વકીલાત કરવાને બસ છુ '

પીતાપુત્રનો માર્મીક સવાદ ચાલતો હતો, તે જોઈ નાની તો બીચારી સજડજ થઇ ગઇ હતી ઘરકામમા ગુથાયલા માજી તે આવી ચડયા પીતાપુત્ર બન્ને ક્રોધે ભરાયલા જોઇ તે એક શબ્દ પણ બોલ્યા શીવાય સ્તબ્ધ બની ત્યાજ ઉભા થઇ રહ્યા શુ કરે."

' નાની જા ચાલી જા અને કહેજે કે આજે હુ જરૂર જમવા આવીશ '

ખુલાસા ભર્યો જવાબ મળવાથી નાની તો તુરતજ ત્યાથી ચાલતીજ થઇ ગઈ અને અત્રે પિતાપુત્ર વચ્ચે ઝઘડો જામ્યો.

' પીતાશ્રી હવે આજે આપની હદની હદ આવી રહી છે. જેથી મારે પણ શરમ નરમ કરવી પડી છે, એથીજ કહુ છુ, કે સમજો પેટ પાકશે તો પાટો નહી બધાય, **કુળની મીથ્યા મમતા**

મને પસંદ નથી, મારા સુખમાં દુ.ખ ઉત્પન્ન કરી આપની સ્વાર્થબુદ્ધિ સાધવાની નકામી વાંચ્છના ત્યજી દો સુખી થાઓ, અને સુખી કરો, એજ આખરે આપને મારે કહેવાનું છે, સમજો !'"

' રસીક આજે તારા દરેક બોલો ઉદ્ધતાઈ ભર્યા બોલાયછે મારી સામે આ પ્રમાણે કદી પણ તુ બોલ્યો નથી અને આજે તને આ પ્રમાણે બોલતો જોઇ, મને નક્કી વ્હેમ આવે છે, કે તને એ કર્કશાએ કઇ કામણટુમણ કર્યુ અને વશ કર્યો "

" પીતાજી કામણ કોઇએ કર્યુજ નથી મને કામણ લગ્નની પૂરાતની રૂઢીએજ કરેલુ છે મારી જે અખડ ઇચ્છા છે, તેની તૃપ્તીને માટેજ આપની આજે શરમ ત્યજવી પડી છે, અને તેથી જો મારૂ બોલેલુ આપને વધુ લાગતુ હોય, તો હવે તે બસ કરૂ છુ અને મારી આખરની એજ ધારણા ફળીભૂત કરવાની પ્રતીજ્ઞા લઉ છુ "

" શુ તારી ધારણા પૂર્ણ કરવાને તુ પ્રતીજ્ઞા કરે છે, ' જો તેમજ હોય તો આજથી તુ મારા ઘરમા નહિ, ચાલ ચાલ્યો જા તુ તારી પ્રતિજ્ઞા પૂર્ણ કર અને સુખી થા જા ચાલ્યો જા મારા ઘરમાથી ' !" મહેતા ઉભા થઇ રસીકને તુચ્છકારી, ધક્કો મારી, ઘરની બહાર કાઢયો, એથી રસીકનો પણ પીત્તો ખસી ગયો અને પોતે પણ ક્રોધાવેશમા ગમેતેમ બોલવા મચ્યો

" પિતાશ્રી ઘર ઘર શુ કરો છો, આ દેહરૂપી ચૈતન્ય ઘર તમારૂ નથી, તો પછી આ ખાલી જડ પદાર્થોથી બનેલુ ઘર તમારૂ શુ માનો છો ? વિચારો પિતાશ્રી વિચારો '' પુત્ર પિતાનો નથી થતો, પિતા પુત્રના નથી થતા, તો પછી જેને તમે પોતાના માનતા હશો

તે તમારાં કેવી રીતે થશે ? મારા ભાગ્યમાં હશે તે હું ભોગવીશ, મારે તમારી મીલ્કતમાં કંઈ પણ તૃષ્ણા રાખવીજ નથી, એથીઆ- પનો વધારે રૂણી બની હુ તે કીયે કાળ એ વાળી શકીશ પીતૃભક્તિનુ આપનુ રૂણ પૂર્ણ કરીશ તોજ બસ છે, હુતો મારે આ ચાલ્યો આજથી આપનુ આ સર્વ સભાળશો, માતાજી રજા લઉ છુ. "

એમ કહી એકદમ રસીક ત્યાથી ચાલતોજ થયો. માતા મુંઢ બની જોઈજ રહી, ઘડીકવારમા આ શુ થઇ ગયુ. જે પીતાપુત્રને કદી તુકારો સરખો કરતા નહોતા, જેના ઘડીભરના વીયોગે પીતા અન્નસરખુ પણ ગૃહણ કરતા નહોતા એ પીતાએ અત્યારે પુત્રને હમેશને માટે ઘર ત્યાગ કરાવ્યુ ! ! એ શુ ! હરી, હરી. તુ કરે તેજ ખરી મહેતા ક્રોધાવેશમા છે, અત્યારે મારૂ કહેલુ કઈ પણ સાભળનાર નથી કહેલુ ઝેર સમાન લાગશે માટે હાલ વૃથા જીવને વિક્ષેપ કરાવવો એ ઠીક નથી, **પીતાપુત્રનો અનહદ પ્રેમ છે જેથી તેના વિયોગે કરી તેઓ શાંન્ત થયે, તેની મેળેજ સમજશે.** એમ વીચારી કઈ પણ કહ્યા શીવાય નીચું જોઈ ત્યાથી ચાલી ગઈ અને એક બાજુએ પુજાની ઓરડી તરફ જઈ બેઠી. માતાનો વાત્સલ્ય પ્રેમ પુત્રના વીયોગનુ અત્યારે દીગદર્શન કરાવતો હતો અનેક તર્કવિતર્કો કરતી આખમાં અશ્રુ ભરી, વિચારશીલ ચહેરે ભોય ખોતરતી નીચુ જોઈ બેઠી બેઠી ઉડા નીશ્વાસ નાંખતી હતી "હરી, હરી પુત્ર કયા ગયો હશે ? ફક્ત એક પહેરણ પહે- ર્યાભેર અત્યારે જમ્યા શીવાય ભુખ્યેપેટે કયા ગયો હશે ? હાય હવે તેનુ શુ થશે ? લાડકવાયો પુત્ર લાડમા ઉછરેલો બહાર પોતાનુ ગુજરાન કેવી રીતે કરશે ! સાસરે ગયો હશે કે નહી ! આદી અ- નેક પ્રશ્નો અત કરણમા કરતી હતી મહેતા માળ ઉપર જઈ ક્રોધ

સમાવવાને અનેક પ્રયત્નો કરતા પણ તે સર્વ વ્યર્થ હતા, રસીકની હઠને માટે તેઓને અત્યત ધીક્કાર છુટતો હતો, અને તેના કહેલા બોલોનુજ સ્મર્ણ વારવાર થતુ હતુ **" નીંદ્રા ક્રોધને શાંન્ત કરે છે. "** ગાદી ઉપર પડ્યા પડ્યા વીચાર કરતા કરતા મહેતા ક્રોધયુક્ત નીદ્રાને આધીન થઈ ગયા, નીદ્રાને વશ વર્તી શાન્તિનુ સ્થાન શોધવા જતા મહેતા સ્વપ્નને આધીન થઈ ગયા, **" આતે સ્વપ્ન કે સાચુ "** અખડ કરેલા સ્મરણનુ સાક્ષાત દર્શ અનુભવ્યુ જેના પરીણામે મહેતા ગાડા જેવાજ બની ગયા, (સ્વપ્નમા જાણે રસીક અત્રેથી તકરાર કરી નદી કીનારે જઈ હોડીમાં બેઠો, અને સામે કીનારે જવાને બદલે અધવચ હોડીમાથી નદીમા કુદી પડ્યો) સ્વપ્નાવસ્થામા આ બનાવ જોતાજ મહેતા એકદમ મ્હોટી ચીસ પાડી બોલી ઉઠ્યા, ' અરે કોઈ દોડો, દોડો ' આત્મહત્યા કરતા પુત્રને બચાવો " આ બુમ સાભળતાજ તુરત રસીકની માતા જે નીચે બેઠી હતી તે બેબાકળી એકદમ ઉપર દોડી આવી અને જુએ છે તો મહેતા ગાદી ઉપર પડ્યા પડ્યા ઉઘતાજ હતા આ જોઈ તે પણ ભ્રમમા પડી, શુ મારો એકનો એક લાડકવાયો પુત્ર શુ આત્મહત્યા કરે છે' શીવ ' શીવ ' એમ નજ હોય, ખરેખર મારો વિશ્વભરનાથ મારા જીવનમા મને એવુ દુ ખ કદી નજ બનાવે, ખરેખર મને આ ભ્રમણાજ થઈ હોય એમ લાગે છે, વખતે તેઓ તો સ્વપ્નમા લવી ન ઉઠ્યા હોય ' તેમ પણ હોય '' વખતે પરમાત્માએ સત્યનુ દર્શન તો નહી કરા વ્યું હોય '' હરીહરી તુ કરે તેજ ખરી, મારા પુત્રનુ રક્ષણ કરનાર હવે તુજ છે, તે ક્યા ગયો હશે ' તેની શોધ કરાવુ, અને મહેતાને જગાડી મારા ભ્રમનુ પણ ભાન કરાવુ, એમ મનમા ન

મનમા કલ્પના કરતી હતી એવામા સ્વપ્નસ્થ મહેતા છુટીપોક મુકીને ઉઠી પડયા ને **બે હાથે માથું કુટવા મચ્યા.** 'અરે હાય મારૂ નસીબ ફુટયુ' એમ કહેતાનીજ સાથે તુરતજ પાસે ઉભેલી પ્રમદા (રસીકની માતા) એ મહેતાના બે હાથ ઝાલી લીધા, અને પુછવા લાગી "અરે આ શુ કરો છો!" સ્વપ્નસ્થ મહેતા એકદમ જાગી ઉઠયા અને બેબાકળા, ગભરાયલા, આમતેમ જોતા બોલ્યા હે શુ છે?"

"શુ છે શુ? આમ ઉઘમા ને ઉઘમા રડો છો, બુમો પાડો છો, આ શુ ઘેલા કાઢો છો!"

"ખરેખર હુ ગાડોજ બની ગયો છુ, પ્રમદા પ્રમદા મને કંઇજ ખબર નથી કે મે શુ કર્યુ?" હાય મે મારા હાથેજ મારા પુત્રને, મારા ઉછેરને મારી નાખ્યો! હાય હુ નીરભાગી લોકો મને શુ કહેશે! મારી પવિત્ર ધર્મ ફરજને દુર કરતા પરમાત્મા મને શો દંડ આપશે! હાય મારૂ નસીબ ફુટયુ" એમ કહી ફરી બે હાથે માથુ કુટતા પ્રમદાએ હાથ પકડી લીધા, અને બોલી "અરે આ શુ ગાડા થયા કે?"

"હાય હવે મારૂ જીવન વૃથા છે, જીદગી અકારી બની, પુત્ર વીના કેમ જીવાશે, ઘડી પણ ન જીવાય!" અરે હાય લોકો મને કેવા અપવાદ આપશે, હાય સગાં, વ્હાલા, મીત્રો તથા જ્ઞાતિજનો મને કેવા ગણશે! અરે પણ મારા પીતૃઓને શાન્ત કરનાર કુળદીપક પુત્ર વીનાનુ જીવતર, હાય હવે અસાર ઝેર જેવો ભાસે છે પ્રમદા મારાથી દુર રહો, એમ કહી પ્રમદાને ધક્કો મારી દુર કરે છે!

અરે પ્રાણ! આ શુ કહો છો? શુ પુત્રનુ મૃત્યુ થયુ છે?

"હા, હા પ્રમદા ' તેણે મારા ક્રોધને વશ થઈ મૃત્યુના કાળમુખનો ગ્રાસ થઈ પડયો છે નદીમાં પડતુ મુકયુ છે " એ સાભળતાજ પ્રમદા જરા સ્વસ્થ થઈ મહેતાને ધીરજ આપવા લાગી કારણ તેને ખાત્રી થઈ કે નક્કી તેઓજ સ્વપ્નાવસ્થામાં બુમ પાડી ઉઠયા હશે ' ! અને તેનોજ આ તેઓને ભ્રમ છે. ' એમ ધારી કહેવા લાગી

"પ્રાણ એ તમારો ભ્રમ છે, સ્વપ્નનો ખ્યાલ છે, પુત્ર તો તેને સાસરે જમવા ગયો છે, અને આ શુ બકો છો ! !"

"શુ જમવા ગયો છે ' ના ના નહિ નહી મે મારી નજરોનજર તેને નદીમા પડતુ મુકી આપઘાત કરતા જોયો છે પછી શુ!"

"પ્રાણ પણ એ સર્વ સ્વપ્ન છે, સ્વપ્ન યથાર્થ દર્શન કરાવે છે માટે એ ખોટો ભ્રમ દુર કરો, રસીક તો તેને સાસરેજ ગયોછે"

"હે શુ તે ત્યા ગયો છે ' જો તેમજ હોય તો તેને એકવાર મારી સમક્ષ હાજર કરી મને તેના મુખનુ દર્શન કરવા દે, નહીતો આ જીદગી ટકી શકશે નહી જાઓ, જાઓ"

"પ્રાણ રામાને મોકલી તેને હમણા ને હમણાજ બોલાવું છુ, આપ જરા મ્હો ધોઈ સ્વસ્થ થાઓ એટલામા તે આવી પહોચશે "

"પ્રમદા જાઓ તેને જલદી મનાવી લાવો અને મારા અત કરણને શાન્ત કરો "

પ્રમદા નીચે જઈ રામાને (નોકર) રસીકને સાસરે ખબર કાઢવા મોકલે છે, અને મહેતા નીચે આવી મ્હો સાફ કરી વીચારશીલ ચહેરે શોકગ્રત રસીકને આવવાની પાણી માફક રાહ જોતા હીંદોળા ઉપર બેસે છે પણ તે તો ક્યારનોએ આ ગામને

છોડી કોઈ અરણ્યને રસ્તે ચઢી ગયો છે, સાસરે ક્યાથી મળે, સાસરે પણ બીચારાં વાટ જોઇને બેસીજ રહ્યા હતાં હર્ષાતુર સુગુણ પતીના મેળાપની રાહ જોતી બહાર ઓટલા ઉપર ઉભી હતી, એવામાં સામેથી રામો ઉતાવળો ઉતાવળો આવતો જોઈ, તેના આવવાનુ કારણ પુછતામાજ, દુરથી રામો બુમ મારી પુછવા લાગ્યો કે અહીયા રસીકચંદ્રભાઈ આવ્યા છે ! પ્રશ્ન થતાજ સુગુણે જવાબ આપ્યો કે " ના અત્રે તો કોઈજ નથી આવ્યુ, કેમ ? શુ કામ હતુ? " રામો નજીક આવી વાત કરવા લાગ્યો

" બ્હેન ! ત્યારે તેઓ કયા ગયા હશે ? મહેતાજી તેઓને એકદમ બોલાવે છે "

" કેમ શુ કામ બોલાવે છે ?"

" બ્હેન તેઓ અને મહેતાજી વચ્ચે આજે બોલવુ થયુ હતું જેથી તેઓ ત્યાથી એકદમ કહ્યા કર્યા શીવાય ચાલ્યા ગયા છે. " હવે ત્યારે તેઓ કયા ગયા હશે ? તકરાર થઈ હશે, એવુ ધારી સુગુણે તેને કારણસહ સર્વ વાત પુછવા માડી પણ તે શ્વાસભર્યો બરાબર જવાબ આપી શક્યો નહી એથી સુગુણે કહ્યુ કે,

" રામા ! ત્યારે તુ રોમેશ્ચંદ્રભાઈના ઘર તરફ ખબર કાઢી આવ, વખતે તેઓ ત્યા પણ ગયા હશે જો ત્યાં ન હોય તો પહેલી મને પણ અહી ખબર કરતો જજે હુ અહીજ ઉભી છુ જા જો કે તેઓ ત્યા છે કે નહિ ? "

તુરતજ રામો ત્યાથી રોમેશ્ચંદ્રના ઘર તરફ ચાલતો થયો, સુગુણ અહી ઓટલા ઉપરજ અનેક તર્ક વિતર્કો કરતી ઉભી હતી એવામાં એકદમ દોડતો રામો આવ્યો " તેઓ ત્યાં પણ નથી " એવી ખબર આપી ચાલતો થયો, રામાને ઉભો રાખી

સર્વ વાત પુછી લેવાને માટે સુગુણે ઘણુએ કહ્યુ, પણ તે કઈ સાભળ્યા શીવાય એકદમ દોડતો ચાલતોજ થયો, કારણ તેને પણ પેટમા ફાળ પડી હતી

"રામો તેઓ ત્યા પણ નથી' એમ કહી ચાલતો થયો' અરે આ હુ શુ જોઉ છુ હાય ત્યારે તેઓ ક્યા ગયા હશે? શુ પોતાની પાસે તકરાર કરી તેઓ કંઈ ચાલ્યા ગયા તો નહી હાય? હા હા તેમ પણ હોય''

આ પ્રમાણે વીચાર કરતી સુગુણ ઘરમા ગઈ માતાને સવ વાત કહી. નવા નોતરેલા જમાઇને જમાડી દેવાને માટે સુચવી પાછી બહાર ઓટલા ઉપર આવીને બેઠી તેને કઈ પણ ચેન પડયુ નહી, અત્યારે નીર્ભાગી સુગુણ અનેક વીચારોના તરંગોમા તણાતી હતી, ભરદરીએ નાવ ઝોલા ખાતી હતી, પતિ કયા ગયા હશે! શુ થયુ હશે! આદી અનેક વીચારો સાથ પોતાના કર્મને અને પોતાની જાતને ધીક્કાર આપતી, આકાશ સામુ ટગરટગર જોઈ, પરમાત્માને પણ ધીક્કારતી, અબળા આશાભર નાવ ડુબાડી વૈરાગ્ય ગ્રહણ કરવા તૈયાર થઈ હતી

"હાય હુ નીરભાગી-સ્ત્રીધર્મની કરજો કઈ પણ અદા કરી શકી નહિ, પતિપત્નીના પ્રેમના રહસ્યો કઈ પણ જાણી શકી નહી, દુનીયાદારીથી, તેમજ સસારીથી, કઈ પણ કાર્ય સાધી શકી નહી હવેનુ અડધુ આયુષ્ય વૃથા છે, વૃથા જીદગી કેમ ગુજારવી, જીદગીના જીવત્વો કેમ ભોગવવા, સર્વ હવે મારે કઈ કામનુ નથી પરણીને જે સુખો ભોગવવા ઇચ્છતી હતી તેમાંનુ કઈજ પણ અત્યાર સુધી ભોગવી શકી નહી. તેમજ પતીભક્તિનો જે અમુલ્ય લાભ તે પણ લઈ શકી નહી. હાય સ્ત્રીજીવન વ્યર્થ ગયુ છે તો હવે શુ કરવુ વૈરાગ્ય પણ—સ્ત્રીયોને પતીભક્તિ વીના મોક્ષ નથી

મોક્ષ વીના પરમ શાન્તી નથી, (સુખ) તો વૈરાગ્યમાથી પણ મને, મોક્ષ કેમ મળી શકશે મારે માટે તો પતીભક્તિજ છે, પતીભક્તિ કેવી રીતે કરૂ? આવા સન્જોગોમા શુ કરૂ? પતી પ્રેમી છે, પ્રેમની મૂર્તિ છે, પણ માતાપીતાના વડીલપણા આગળ શુ કરે! હાય નીર્ભાગી—હુ નીરભાગી ખરેખર આજે તેઓએ મારે માટેજ પીતા સાથે તકરાર કરી હશે, કારણ તેઓને અત્રે આવવાનો વીચાર હશે, અને પીતાને તે પસદ નહી હોય, એથી તેઓ પીતાશ્રીની ઉપરાત થઇ અત્રે આવવા તૈયાર થયા હશે ?' ત્યારે તેઓ ક્યાં ગયા હશે'' આમ વીચાર કરે છે એવામા તો કુળીયામાં પાણી ભરીને આવતા સ્ત્રીયોના ટોળેટોળા અત્યંત કોલાહળ કરી રહ્યાં હતા, તે જોતાજ સુગુણને શકા થઈ, એથી એક પોતાની સખીને પાસે બોલાવી પુછ્યુ કે, ' બ્હેન આ શુ છે ?'' શી વાતો કરો છો ? કેમ કોઈ મને કહેતુ નથી !'

" બ્હેન શુ કહીયે પૂરૂ જાણ્યાકર્યા શીવાય તને હમણા શુ કહીયે " " તુ મને જલ્દી 'કહે તમારી વાત ઉપરથી મને ઘણી ગભરામણ થાય છે " શુ કહુ બ્હેન, તમારા સસરા ગાડા જેવા થઈ ગયા છે, અને તેઓના તરફથી નદીમા માછીઓ પાસે જાળ નાંખી શોધ કરાવાય છે, તે શા માટે હશે ?"

" હે શુ નદીમા શોધ થાય છે " અરે ઓ હાય મારા સુખનો સૂર્ય શુ અસ્ત થયો ? " સુગુણ મૂર્છાખાઈ બેસુદ્ધ બની ઓટલા ઉપરથી નીચે ગબડી પડી, 'તુરતજ પેલી સખીએ બુમરાણ કરી મુક્યુ, અને એકદમ તેની આંખો દાબી દીધી. કુળીયામાનાં સર્વ ભરાઈ ગયાં તેની માતા મણીગૌરી પણ દોડી આવી. શુ છે. શું છે ! થઈ રહ્યું. —અપૂર્ણ.—

નકલી માલથી સાવધ રહેજો.

કનૈયાલાલની કંપનીની સર્વોતમ અસરકારક

જુલાબની ગોળી

સ્ત્રી, પુરૂષ યા બાળકો તેનો સુખે ઉપયોગ કરી શકે છે આ ગોળીથી કઇપણ જાતનુ નુકશાન થતુ નથી તેમજ તેમા કઇપણ જાતની ઝેરી દવા વાપરવામા આવતી નથી વૈદકશાસ્ત્રના નિયમો અનુસાર તૈયાર કરેલી છે ગૃહસ્થ કુટુંબો તેને રાખી સારી રીતે વાપરે છે એક વારવાપરી ખાત્રી કરો.

કેટલોક મફત મંગાવો

સોલ એજન્ટ—**એચ. એમ. શુકલ.**

મુ. આણંદ—ગુજરાત

સ્ત્રીઓનો શ્રૃંગાર શું?

હેરવૉશ પાઉડર.

સ્ત્રીયોના વાળની સુંદરતા તેને સફાઇથી રાખવામા આવે છે વાળની સફાઇ માટે હેરવૉશ કીમતી ચીજ છે હમારા આ હેરવાશ પાઉડરથી વાળ ધોવાથી વાળની સુદરતા ઘણીજ દીપી ઉઠે છે વળી આ હેરવોશથી વાળ કાળા, લાંબા, પાતળા અને સુગધીદાર બને છે એકવાર વાળ ધોયા પછી ચાર દીવસ સુધી ખુશબો જતી નથી

કીંમત માત્ર રૂ. ૦ા નમુનાની ફી ૧ આનો.

બનાવનાર—પી. વી. જોશી.

આણંદ સ્ટેશન.

દાન આપવાનું સુપાત્ર સ્થાન

હિંદુ અનાથાશ્રમ-નડીઆદ.

દાન કરવાના દરેક પ્રસંગે આ
અનાથ બાળકોને યાદ કરી
કંઈપણ દાન મોકલી આ
પવા કૃપા કરશોજી

**હરેક ચીજનું દાન લેવામાં
આવે છે.**

એક રૂપીઓ અને તેથી વધારે દાન
આપનાર દાતાનાં નામ વાર્ષિક
રીપોર્ટમાં પ્રસિદ્ધ થાય છે.

દાનની દરેક રકમની છપેલી પાવતી આપવામા આવે છે
દરેક ગૃહસ્થોએ નીચેના સરનામે
દાન મોકલવા કૃપા કરવી.

મંત્રી—હિંદુ અનાથાશ્રમ.

નડીઆદ. [ગુજરાત.]